## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગાંધીનગરનાં રોડ ઉપર આવેલા દિપડાને પણ પકડી નથી શકાતા તો કેન્ટીનવાળા બીચારા આવડા અમથા જીવડાને કેમ પકડે...

# એનએચએમ કચેરી ખાતે સીએચઓના બદલીની માંગ સાથે ધરણા

આયુષ્યમાન ભારત યોજના અન્વયે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર તરીકે સપ્ટેમ્બર-૨૦૧૯ માં ૭૯૦ જેટલા ઉમેદવારોને નિમણુંક આપવામાં આવી હતી. ઉમેદવારોને દાહોદ, નર્મદા અને બનાસકાંઠાના અંતરીયાળ વિસ્તારમાં નિમણુંક મોટીસંખ્યામાં આપવામાં આવી હતી. એનએચએમ દ્વારા જિલ્લા પસંદગી સમયે ઉમેદવારોને જણાવાયુ હતું કે ફેબ્રુઆરી માસમાં બદલી કરી આપીશુ. પરંતુ ત્યારબાદ ઉમેદવારોએ જિલ્લા પસંદગી માટે વારંવાર રજુઆત કરી છતા બદલી નહી થતા સીએચઓ ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે ગાંધીનગર સેકટર-૧૨ સિવિલ કેમ્પસ ખાતે આવેલી નેશનલ હેલ્થ મિશનની ઓફિસની નીચે સીએચઓ બેચ-૪ ના ઉમેદવારો બદલીની માંગ સાથે ગતરોજથી અનિશ્ચિત સમય સુધી ધરણા પર બેઠા છે. આજે સીએચઓ કર્મચારીઓએ આરોગ્ય કમિશનર અને મિશન ડાયરેકટરને મળીને મૌખિક રજુઆત કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જે તે સમયે સીએચઓની ભરતી સમયે ૮ જિલ્લામાં જગ્યા ફાળવવામાં આવી ન હતી. માત્ર ગણતરીના અંતરીયાળ વિસ્તારમાં જ જગ્યાઓ ફાળવવામાં આવી હતી. એનએચએમ દ્વારા જીલ્લા પસંદગીમાં આગળના સીએચઓને માત્ર બે જ માસમાં બદલી કરી આપવામાં આવી છે. જયારે અમને ૬ માસ વિતી ગયા હોવા છતા તંત્ર દ્વારા નથી કરી આપતા તેવો આક્ષેપ ધરણા પર બેઠેલા સીએચઓ કરી રહ્યા છે. બેચ-૪ ના સીએચઓની બદલી થતી નથી અને નવી ભરતી કરવામાં આવી રહી છે. આગામી સમયમાં ૧૦૦૦ નવી જગ્યાઓમાં તેઓને પ્રાધાન્ય આપાવમાં આવશે તેમ જાન્યુઆરી માસમાં કહ્યું હતું તે પણ હાલ કરી આપવામાં આવ્યું નથી. માત્ર તંત્ર દ્વારા ઠાલા વચનો આપવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા આ સીએચઓ પાસેથી બે વર્ષનો કોન્ટ્રાકટ કરવામાં આવ્યો છે, જેને પગલે તેઓ નોકરી પણ છોડી શકતા નથી. ત્યારે જીલ્લા પસંદગીને લઈ ધરણા પર ઉમેદવારો બેઠા છે. ત્યારે કયારે નિવેડો આવશે તે જોવું રહ્યું.






## સત્યાગ્રહ છાવણીથી આશાવર્કર બહેનોને બારોબાર મોકલી દેવાઈ

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવતા ધરણા પર બેસવા માટે આશાવર્કર બહેનો મંગળવારના રોજ આવી પહોંચ્યા હતા. પરંતુ પ્રાપ્ત માહિતી મુજબ લકઝરી બસ ઉભી રહેતા બહેનો નીચે ઉતરે તે પહેલા જ મહિલા પોલીસ કર્મચારીઓ બસમાં બેસી ગયા હતા અને કોઈ આશા બહેનોને નીચે ઉતરવા દીધા ન હતા અને બારોબાર પોલીસે આશાબહેનોને ગાંધીનગરથી રવાના કરી દીધા હતા. જેથી આશા બહેનોના ધરણાનો પ્લાન પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો.

## પાણી-ગટર વેરાની ૩૧ માર્ચ સુધીમાં ભરપાઈ કરનારને વળતરનો લાભ મળશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર- નં. ૧ થી ૧૩ તથા શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા અને ગોકુલપુરા ગામડાઓના પાણી તથા ગટરના વપરાશકર્તાઓને વર્ષ ૨૦૨૦-૨૧ના પાણી-ગટર વેરાના એડવાન્સ ભરવામાં આવતા બીલો દરેકના ઘરે ઘરે પહોંચાડવામાં આવ્યા છે. જેને બીલ ના મળ્યાં હોય તે સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવનના બી-બ્લોકના પ્રથમ માળે કચેરી ખાતે સંપર્ક સાધી મેળવી શકે છે.

બીલોના નાણાં અત્રેની કચેરી ઉપરાંત સેક્ટર-૩માં ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે દરરોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન તા. ૩૧મી માર્ચ-૨૦૨૦ સુધીમાં કામકાજના દિવસોમાં ભરી જવા નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે. જે ગ્રાહકો તા. ૩૧મી માર્ચ-૨૦૨૦ સુધીમાં બીલો ભરપાઈ કરશે તેમને જ બીલોમાં વળતરનો લાભ મળવાપાત્ર થશે તેની ગ્રાહકોએ જનહિતાર્થે નોંધ લેવા પણ જણાવાયું છે.

## વાત-વાતમાં.....

- શહેરમાં નેહરુ યુવા કેન્દ્રના ‘‘એક ભારત શ્રેષ્ઠ ભારત’’ અંતર્ગત ‘‘વતન કો જાનો’’ કાર્યક્રમ અંતર્ગત મહેમાન બનેલા કાશ્મીરી યુવાનોએ આકાશવાણી કેન્દ્રની મૂલાકાત લીધી હતી. મંગળવારે સાંજે ૮ કલાકે તેમનો કાર્યક્રમ આકાશવાણીના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા ગુજરાતના તમામ કેન્દ્રો પરથી સહ પ્રસારિત કરવામાં આવ્યો હતો.
- શહેરના ખ-૩ સર્કલે લગાડવામાં આવેલા ટ્રાફિક સિગ્નલ્સ પૈકીના ૨ સિગ્નલ્સ છેલ્લાં ત્રણ-ચાર દિવસથી ખોટકાયેલી હાલતમાં છે. બે સાઈડથી બંધ થઈ ગયેલા ટ્રાફિક સિગ્નલ્સને કારણે વાહનચાલકો અવઢવમાં મુકાય છે જેના કારણે અકસ્માત સર્જાવાનો ખતરો પેદા થઈ રહ્યો છે.
- શહેરના સેક્ટર-૨૨માં જૈન દેરાસર સામે ‘‘પાટનગર ટુડે’’ના કાર્યાલય ખાતે અખિલેશભાઈ પુરોહિતના સંગીતવૃંદ સાથે સુંદરકાંડના પાઠ યોજાયા હતા. ભક્તિમય વાતાવરણમાં યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.
- શહેરના વોર્ડ નં. ૮ના સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા બોર્ડના પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ દરમ્યાન તેમણે બાળકોનું મ્હોં મીઠું કરાવી શુભેચ્છા ભેટ આપી હતી.

## ખૂણેખાંચરેથી

- આગામી ૮મી માર્ચના રોજ મહિલા દિનની ઉજવણીના આયોજન અંગે આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બેઠક મળી હતી.
- જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા પંચાયતી રાજના સભ્યોના ઓરિએન્ટેશનનો એક ખાસ વર્કશોપ આજે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ છે.
- આજે રાજ્ય વિધાનસભા ગૃહ જોવા માટે રાજકોટ શહેર અને ગ્રામ્યમાંથી ૫૦ થી વધુ બસો ભરીને મહિલાઓ આવી હતી. કોઈ એક વિસ્તારમાંથી આટલી મોટી સંખ્યામાં મહિલાઓ આવી હોય તે એક વિક્રમ છે. આ બધી મહિલાઓને મુખ્યમંત્રી રૂપાણી મળ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં રોડ રિસરફેસીંગ કામમાં વચ્ચે આવતી ગટરલાઈનો ઉપર લેવામાં ન આવતાં અકસ્માતનો ભય સે. ૨૭માં ઉભો થયો છે.
- ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસ પટેલ તેમની ઋષિકેશ-હરદ્વાર-અમૃતસર-મસુરીનો પ્રવાસ પુરો કરી ગાંધીનગર પરત આવી ગયા છે અને પુનઃ સંગઠ્નની જવાબદારી સંભાળી લીધી છે.
- બુક સેલર્સ દ્વારા ગુજરાત સરકારે પાઠ્ય પુસ્તકો માટે બનાવેલા નિયમને રદ કરવાની માંગ સાથે એક આવેદન પત્ર શિક્ષણમંત્રીને આપ્યુ છે અને જણાવ્યું છે કે આનાથી પુસ્તકોના વેચાણ કરતા વેપારીઓની રોજી છીનવાઈ જશે.



વિધાનસભા શરૂ થતા વિવિધ મુદ્દાઓની રજૂઆત તેજ બની છે. વિવિધ જાતિના મંડળો અને અન્ય સમૂહો અવારનવાર ગાંધીનગર આવી ચઢતા પોલીસ માટે કપરી સ્થિતિનું નિર્માણ થયુ છે. પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ બાબતે શિક્ષકો સત્યાગ્રહ છાવણી ખાતે આવી ચઢયા હતા જેમને પોલીસે બળપૂર્વક આગળ વધતા અટકાવ્યા હતા.

# શહેરમાં આ વર્ષે વૈદિક હોળી પ્રગટાવવા અંગે વધતી જાગૃતિ

## સેક્ટર-૨૩માં સંસ્કાર ધામ ખાતે વૈદિક હોળી પ્રગટાવાશે

ગાંધીનગર, તા. ૩

આગામી તા. ૯મી માર્ચે ફાગણ સુદ પૂર્ણિમાના દિવસે દેશભરમાં હોળીનો પવિત્ર તહેવાર ઉજવાશે અને ચૌરે-ચૌટે હોળી પ્રગટાવવામાં આવશે. જો કે ઘણા વર્ષોથી હોળી પ્રગટાવવામાં કેટલીક જગ્યાએ ટાયરો, લાકડાં, પ્લાસ્ટિક સહિતના પદાર્થોનો ઉપયોગ કરાતો હોવાની જે ફરિયાદો ઉઠવા પામી રહી છે જે પર્યાવરણ માટે નુકશાનકારક સાબિત થઈ રહી છે. આ સાથે બીજી તરફ સોશ્યલ મિડિયાના યુગમાં હવે ફરી એકવાર વૈદિક હોળી પ્રગટાવવાનો અભિગમ પણ પ્રસરતો જણાય છે અને ગાંધીનગરમાં સેક્ટર-૨૩માં સંસ્કારધામ ખાતે આ વર્ષે ‘‘વૈદિક હોળી ઉત્સવ યજ્ઞ’’નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારના હોળી પ્રાગટ્યથી ‘‘કોરાના’’ સહિતના વાઈરસનો નાશ થવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

વૈદિક પદ્ધતિએ કરવામાં આવતું હોલિકાદહન એ પર્યાવરણને શુદ્ધ કરનારૂ અને અનિષ્ટને નાબુદ કરનારૂ નીવડે છે. ગાંધીનગરના વૈદિક પરિવાર દ્વારા સેકટર-૨૩માં ‘‘વૈદિક હોલિકોત્સવ યજ્ઞ’’ લગ્નવાડીની સામે સંસ્કારધામ ખાતે સાંજે ૬ થી ૮ દરમ્યાન યોજવામાં આવ્યો છે. જે યજ્ઞના બ્રહ્મા પદે કાંતિભાઈ પટેલ બિરાજશે અને આ પ્રસંગે સ્વામી હરિશ્ચરાનંદ સરસ્વતી અને ડૉ. ભાવ પ્રકાશ ગાંધી આશિર્વચન પાઠવશે. આ પ્રસંગે પ્રીતિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સોશ્યલ મિડિયામાં આજકાલ વૈદિક હોળી પ્રગટાવવા અંગે જાગૃતિ ફેલાવતા સંદેશ ફરતાં જોવા મળી રહ્યાં છે જેમાં વૈદિક પદ્ધતિએ હોળી પ્રગટાવવાથી વાતાવરણમાં શુદ્ધિ સાથે પ્રાણવાયુમાં વધારો અને રોગજન્ય જંતુ-જીવાણુઓનો નાશ થતો હોવાનો દાવો કરવામાં આવે છે. આ રીતે વૈદિક-હોળી પ્રગટાવવા અનેક ધાર્મિક, યોગ-આયુર્વૈદિક સંસ્થાઓ દ્વારા જરૂરી સામગ્રીનું વેચાણ પણ કરવામાં આવી રહ્યું છે. હવે નાગરિકોમાં પણ વૈદિક હોળી પ્રગટાવવા અંગે જાગૃતિ વધતી જઈ રહી છે.

### વૈદિક હોળીમાં કેવી સામગ્રી વપરાય છે ?

વૈદિક હોળી પ્રાગટ્યમાં ગાયના છાણથી બનેલાં છાણાં, કપૂર, ખાસ પ્રકારના સૂકાં લાકડાં, જડીબુટ્ટીઓ તથા હવન સામગ્રીની આહુતીઓનો સમાવેશ થાય છે. આ પ્રકારની સામગ્રીના હોમ સાથે પ્રગટાવવામાં આવતી વૈદિક હોળીથી ‘‘કોરાના’’ સહિતના તમામ પ્રકારના વાઈરસનો નાશ થતો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વૈદિક હોળીમાં આહુતિ સાથે વૈદિક મંત્રોચ્ચારનું પણ મહત્વ રહેલું છે.

## લીંમ્બડીયા ગામ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર નજીક આવેલા લીમ્બડીયા કાસમબાપુના ફાર્મ હાઉસની સામે રહેતા બકાભાઈ ગોરધનભાઈ ઠાકોરનું ત્રણ માસ પહેલા જ ખરીદેલુ જી.જે.૧૮.ડી.જી.-૭૫૨૨ નંબરનુ પલ્સર બાઈક ઘર આગળથી રાત્રી દરમિયાન ચોરી થઈ ગયું હતું. ફરીયાદીના ભાઈ રાત્રે ૩ વાગે ખેતરથી ઘરે આવ્યા હતા, ત્યાં સુધી બાઈક હતું. જો કે ફરીયાદી સાડાપાંચ વાગ્યાના સુમારે ઉઠીને જોયુ તો બાઈક ગાયબ હતું. જેથી તેમણે રૂ.૪૫ હજારની કિંમતના બાઈકની ચોરી અંગે ડભોડા પોલીસ મથકે બકાભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## દહેગામ પાસેથી એકસયુવી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ નજીક આવેલા નીલકંઠ મહાદેવ મંદિર સામેના માર્ગ પર કારમાંથી વિદેશી દારુનો જથ્થો એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે એકસયુવી ગાડીમાંથી વિદેશી દારુની ૧૧૫૯ બોટલ કિં.રૂ ૧,૯૭,૧૫૧, મોબાઈલ અને ગાડી મળીને કુલ રૂ. ૬.૯૮ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને દબોચી લીધો છે. પોલીસે પકડાયેલા આરોપી અને દારુ ભરી આપનાર બંને શખ્સો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમની ટીમના સભ્યો દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન તેઓને બાતમી મળી હતી આર.જે.૦૫.યુ.બી.-૫૦૦૦ નંબરની એકસયુવી કારમાં વિદેશી દારુ ભરેલો છે અને તે દહેગામ થઈને અમદાવાદ તરફ જવાની છે. જેથી એલસીબી પોલીસનો સ્ટાફ દહેગામ નીલકંઠ મહાદેવ મંદિરની સામે વોચમાં ગોઠવાઈ ગયો હતો અને બાતમીવાળી કાર દેખાતા પોલીસે પકડી પાડી હતી. કાર ચાલકનું નામ પુછતા તેણે મહિપાલ પાંચારામ બિશ્નોઈ (ઉં.વ.૨૫ રહે. નેતરા બાઉરી રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે દારુ અંગે પુછતા કાર ચાલકે ઉદેપુર ઝાજરી ખાતેથી સુરેશ ઉર્ફે શંકર પટેલ નામના શખ્સે દારુ ભરી આપ્યો હતો. જયારે સુરેશે દહેગામથી નરોડા માર્ગ પર પહોંચીને કોલ કરવાનું કહ્યું હતું. જયારે પોલીસે કારમાં તપાસ કરતા નાનીમોટી ૧૧૫૯ વિદેશી દારુની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૧.૯૧.૧૫૧નો દારુ, મોબાઈલ અને ૫ લાખની કાર મળી કુલ ૬,૯૮,૧૫૧ ની મુદ્દામાલ કબ્જે કરી બંન્ને ઈસમો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૭૧ લૂંટ અને હત્યાના ૩૭ ગુનાઓ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં હત્યાની લુંટની ૭૧ ઘટના, હત્યાના ૩૭ બનાવો અને બળાત્કારની ૨૭ ઘટના બની છે. આ વિગતો ગાંધીનગર વિધાનસભાના ચાલી રહેલા સત્રમાં સોમવારના રોજ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ધારાસભ્ય સુરેશ પટેલે પુછેલા સવાલના મુખ્યમંત્રીએ આપેલા જવાબમાં બહાર આવી છે.

તા.૧-૧-૧૮ થી ૩૧-૧૨-૧૮ અને તા. ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯

| | ગાંધીનગર જિલ્લો | | ગાંધીનગર શહેર | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ | ૨૦૧૮ | ૨૦૧૯ |
| લુંટ | ૨૮ | ૨૮ | ૭ | ૮ |
| ખૂન | ૧૭ | ૧૭ | ૩ | ૦ |
| ધાડ | ૮ | ૦ | ૦ | ૧ |
| ચોરી | ૨૩૭ | ૧૭૩ | ૧૪૬ | ૧૨૫ |
| બળાત્કાર | ૧૩ | ૬ | ૬ | ૨ |
| અપહરણ | ૬૮ | ૬૦ | ૧૬ | ૧૩ |
| આત્મહત્યા | ૧૬૮ | ૨૦૯ | ૩૨ | ૧૯ |
| ઘરફોડ ચોરી | ૮૮ | ૬૫ | ૬૦ | ૨૮ |
| રાયોટીંગ | ૫૧ | ૨૬ | ૬ | ૧ |

## ગાંધીનગર શહેર-જિલ્લા નાડોદા રાજપૂત સમાજનો સ્નેહમિલન કાર્યકમ યોજાયો

### વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, વયનિવૃત, નવનિયુકત અને સમાજના આગેવાનોને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં વસવાટ કરતા નાડોદા રાજપૂત સમાજના પાંચમા વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે ૧ માર્ચને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલન સમારોહમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનોને શૈક્ષણિક કીટ, વિશિષ્ટ મહાનુભાવો, સેવાનિવૃત, અને નવનિયુકત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રાંધેજા વિદ્યાપીઠ ખાતે આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. સમાજના આગેવાનો દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના વિશિષ્ટ મહાનુભાવો, સેવા નિવૃત, વયનિવૃત, નવનિયુકત કર્મચારીઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર-જિલ્લા રાજપૂત સમાજ દ્વારા આયોજીત પાંચમા સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના આગેવાનો, વડીલો અને અધિકારીઓએ પોતાના વિચારો વ્યકત કરતા જણાવ્યું હતું કે સમાજમાં પરસ્પર એકતાની ભાવના જળવાય તેમજ શિક્ષણમાં બાળકો આગળ વધે અને વ્યસનમાંથી મુકિત મેળવી સારા સમાજનું નિર્માણ થાય તે જરુરી છે. આ સ્નેહમિલન સમારોહમાં સમાજના પ્રમુખ શંકરસિંહ ચાવડા, ઉપપ્રમુખ રણછોડ રથવી, મહામંત્રી બળદેવસિંહ મોરી સહિત યુવાનો તેમજ સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના યુવાવર્ગે ભારે જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમના અંતે સ્વરુચી ભોજન લઈને સૌ કોઈ છુટા પડ્યા હતા.







## સે-૩ ન્યુમાં બોર્ડના પરીક્ષાર્થીઓનો શુભેચ્છા સમારોહ

ગાંધીનગરના સેકટર-૩ ન્યુ ખાતે આગામી તા. ૫મી માર્ચથી શરૂ થઈ રહેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાના પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવાનો કાર્યક્રમ લીમડા ચોક ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં વસાહત મંડળના હોદ્દેદારો ઉપરાંત સહયોગ સમાજ સેવા ટ્રસ્ટના હિમાંશુ ભચેચ અને નીતા ભચેચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને શુભેચ્છા ભેટ સ્વરૂપે પેન આપી, ચોકલેટ ખવડાવી મ્હોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે વસાહત મંડળના હોદ્દેદારો જયેશ આગજા, ડૉ. એચ.ટી. પરમાર, વીરચંદભાઈ પરમાર, આર.કે. મિશ્રા, કમલેશ બારોટ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સમગ્ર રાજ્યમાં ખેડૂતોને દિવસે પણ વીજળી મળે તે માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા

રાત્રી દરમિયાન પિયત માટે વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં સિંહ, દિપડા, રોઝ તથા જંગલી ભૂંડના કાણે ખેડૂતોને રહેતા જાનના જોખમને લીધે ખેડૂતોને દિવસે વીજળી આપવા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપતા ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં ખેડૂતોને દિવસે પણ વીજળી પુરી પાડવા માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે.

મંત્રી પટેલે ઉમેર્યુ કે અમારી સરકાર દ્વારા ખેડૂતોને પૂરતા વીજ જોડાણ, સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. હવે ખેડૂતોની વર્ષો જૂની માંગણી પુરી કરવા દિવસ દરમિયાન વીજ પુરવઠો પુરો પાડવાનો અમે નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે આ બજેટમાં નવી યોજના દિનકર યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના આગામી ત્રણ વર્ષમાં ટ્રાન્સમિશન નેટવર્કને સુદૃઢ કરવા તેમજ નવા સબ સ્ટેશનો સ્થાપવા માટે રૂ. ૩૫૦૦ કરોડનું આયોજન છે. તે માટે આ બજેટમાં રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ગુજરાત હાઈકોર્ટમાં નવનિયુક્ત ચાર જજોની શપથવિધિ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથે આજે ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નવનિયુક્ત ઈલેશ જશવંતરાય વોરા, ગીતા ગોપી, ડો. અશોકકુમાર ચીમનલાલ જોષી અને રાજેન્દ્ર એમ. સરીનને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથવિધિ પ્રસંગે કાયદો અને ન્યાયતંત્રના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, એડવોકેટ જનરલ, વકીલો, હાઈકોર્ટના અધિકારીઓ તથા નવનિયુક્ત જજોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.